સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૬૯ / શુમારો : ૯ بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૦

الهادي

THE GUIDE

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ રમઝાનુલ મોઅઝ્ઝમ ૧૪૩૦ હી., ૨૧-૮-૨૦૦૯

# -::: શહરૂલ્લાહ : પાકીઝગીની મૌસમ :::-

શરીઅતે ઈસ્લામના ૭ રૂકન-થાંભલા છે : પાકી (તહારત), નમાઝ (સલાત), રોઝા (સૌમ), ઝકાત, જેહાદ, હજ્જ અને વલાયત (મોહબ્બતે સાહબે હક્ક). આ ૭ ખંભાઓને અલ્લાહતઆલાએ મુમિનની ઝિંદગીમાં અલગ-અલગ વક્ત અને ઝમાનમાં ફરઝ કીધા છે. અગર હદસ થાય યા પૈશાબ-સંડાસના બે મખરજમાંથી કોઈ પણ ચીઝ નીકલે જેથી વુઝૂ તૂટતી હોય, તો તહારત-પાકી વાજિબ થાય છે. એક દિનમાં એક જ વુઝૂથી પાઁચ ફરઝની નમાઝો અદા કરી શકાય છે. તહારત વાસ્તે વક્તની કોઈ બંદિશ નથી. પાકીઝગી સાચવનાર એની વુઝૂને કલાકો તક સલામત રાખી શકે છે, પણ ચંદ મીનીટોમાં જિસ્મમાં અને ઈમાનની શરતોમાં હાદેસો થાવાથી વુઝૂ તૂટી શકે છે, દિલમાં ઈમાન કમ્ઝોર થઈ શકે છે.

નમાઝ, એક દિનમાં પાઁચ વક્તની ફરઝે ઐન છે. ફરઝ તેમજ નાફેલતની નમાઝ રાતમાં પણ પઢી શકાય છે. ફરીઝતના રોઝા શહરૂલ્લાહના ૩૦ અય્યામના છે - યાઅની કે, એક સાલમાં તીસ જ દિન. **ઝકાતુલ માલ અને ઝકાતુલ ફિત્ર તેમજ શહરૂલ્લાહની બીજી વાજેબાત વરસમાં એક વક્ત દાઇયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ને આપવાની હોય છે.** જેહાદ, દીને હક્કની તેમજ દાઅવતે હક્કના અકીદાની હિફાઝત વાસ્તે જાનથી, માલથી અને ઈલ્મથી, જે વક્ત દાઅવતે હક્કના સાહબનું ફરમાન થાય એ મુજબ અમલ કરવાનો હોય છે. એમાં કોઈ વક્ત યા ઝમાનાની કૈદો બંદિશ હોતી નથી. હજ્જે બયતુલ્લાહ, ઈસ્તેતાઅત વાલા વાસ્તે ઉંમરમાં કમ અઝ કમ એક વક્ત વાજિબ કરવામાં આવી છે. પણ વલાયત, તે રૂહના મકામમાં હોય અને તેમાં કોઈ જિસ્માની મહેનત યા તકલીફ ન હોય, ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને મીસાક આપનાર વાસ્તે ઝિંદગીના આખિરી લમ્હા તક ફરઝ કરવામાં આવી છે.

જે મુજબ પાકીનો રૂકન નમાઝ સાથે જોડાયેલો છે, રોઝાનો રૂકન નમાઝ સાથે જોડાયેલો છે, જેહાદ અને હજ્જના રૂકન વલાયત સાથે જોડાયેલા છે, એ જ મુજબ અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં નમાઝના રૂકન સાથે ઝકાતને જોડેલી છે. ઈરશાદે રબ્બાની છે કે, **અકીમુસ્સલાત વ આતુઝ્ઝકાત** (૨૪-૫૬), યાઅની **કાઇમ કરો તમેં નમાઝને અને આપો તમેં ઝકાતને.** ઈમામતની નમાઝનો સવાબ ઈમામને પાછલ નમાઝ પઢે તો જ મીલે. તે જ મુજબ ઝકાતુલ ફિત્ર અને ઝકાતુલ માલની અદાયેગીનો સવાબ દાઈયુઝ્ઝમાનને અદા કરે તો જ મીલે. એ ઝકાતની અદાયેગી સાચી કહેવાય જ નહી કે જે ગૈર-હક્કદારને અપાતી હોય. અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ફરમાન કીધું છે કે, "**ખુઝ મિન આમવાલેહિમ સદકતન ......**" (૯-૧૦૩) યાઅની કે, આપ નબી સાહબને પોતે શહરૂલ્લાહમાં લોગોના માલમાંથી ઝકાત નીકાલવાનો કુલ્લી ઈખ્તિયાર છે જે આપના ઈન્તેકાલ બાદ આપની આલે પાકમાં હક્કના ઈમામોમાં નકલ થયો. ક્યા મુમિન પાસેથી કેટલી ગિન્તીમાં ઝકાતનો હક્ક લેવો અને એના વાસ્તે દોઆ કરવી કે જેથી એના દિલને સુકૂન-કરારીયત હાસિલ થાય, આ અમલની રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને તાકીદ કરવામાં આવી.

આપ નબી સાહબે, આ ફરઝને બાખૂબી અદા કીધી પણ લોગોએ પોતાની નિય્યત અને અકીદા મુજબ આપને શહરૂલ્લાહમાં ઝકાત આપી. આજે પણ મુમેનીનમાં આ અમલ જારી છે જેની શરત એ છે કે, પૂરા ઈખ્લાસ અને અંદરૂની (નફસાની) પાકીઝગી તેમજ યકીન સાથે ઝકાતની અદાયેગી કરવામાં આવે. આ વાજેબાતને બોજ સમઝીને અદા કરવાથી તેનો મકસદ ઝાયેઅ થાય છે અને સવાબમાં કમી વાકેઅ થાય છે. પાઁચમાં દાઈએ મુત્લક સૈયેદના અલી બિન મોહંમદ બિન વલીદ (આ.કુ.) આપના મશ્હૂર કિતાબ "**તાજુલ અકાઇદ**" માં ફરમાવે છે કે, ઝકાત એક વરસની મુદ્દત પૂરી થયા બાદ જ ફરઝ થાય છે અને આલે મોહંમદ (સ.અ.) ના ઈમામોથી જે બયાનો

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**તારા ભાઈને મદદ કર, ભલેને એ તુને તકલીફ આપે.**

(પેજ નં. ૧નું બાકી) શહરૂલ્લાહ.....

અને હુકમો સાદિર થયેલા છે એ જ મુજબ **ઝકાત ફરઝ છે.** અલ્લાહતઆલાએ આ ફરીઝો ગની લોગોનાં માલમાં ફકીર લોગોના હિસ્સા ને બનાવવા વાસ્તે કીધેલો છે. ઝકાતને રોકનારો તેના માલને બીગાડી દે છે અને આ માલનાં બીગડી જાવાથી તેની દુન્યવી ઝિંદગીનો ફાયદો અને આપ-લે ના વહેવારમાં પણ બીગાડ પૈદા થાય છે. આપ (આ.કુ.) એક ચોટદાર મિસાલ આપીને સમઝાવે છે કે, જે મુજબ ઈન્સાનની જિસ્માની સૂરત કંડારવામાં ખૂનનો કિરદાર છે કે જે ઈન્સાનને મૌજૂદા ઝિંદગી બખ્શે છે. જો આ ખૂનમાં મીઝાન યા બેલેન્સ બીગડી જાય અને જે વક્ત તેમાં વધઘટ થાય તો ઈન્સાનની જિસ્માની સેહતમાં ગડબડી પૈદા થાય છે. જહાઁ તક, બેલેન્સ બરાબર હોય વહાં તક ઈન્સાનની જિસ્માની તાકતમાં કોઈ બદલાવ આવતો નથી. આ જ મિસાલ પર ઝકાતનો કાનૂન છે. જે વક્ત માલો દૌલત એ હદથી ઝિયાદહ થઈ જાય છે કે, જેની ઝકાત આપવી વાજિબ થઈ જાય છે તો તેને નીકાલવા બગૈર કોઈ ચારો રહેતો નથી. જો અગર તેનો માલિક એ ઝકાત ન નીકાલે તો તમામ માલમાં બીગાડ પૈદા થાય છે. તેથી અપની શરીઅતમાં સાહબે દાઅવતે ઝકાતને નીકાલવાની માઅરેફત સમઝાવી છે, જેથી એનો માલ સહી-સલામત રહે.

સૈયેદના અહમદ હમીદુદ્દીન કિરમાની સાહબ (આ.કુ.) એક બયાનમાં ઝકાત અદા કરવાના ફરઝ વાસ્તે ફરમાવે છે કે, ઝકાત અદા કરવાથી જાન અને માલમાં જિસ્માની-રૂહાની નફો હાસિલ થાય છે. આપ ફરમાવે છે કે, અય ભાઈ ! ઝકાત, અલ્લાહતઆલાનો હક્ક છે જે બંદાઓ પર કુરઆને કરીમથી વાજિબ કરવામાં આવો છે, તેને નીકાલવા વાસ્તે નિસાબ-હિસાબની તરતીબ (calculation) આપવામાં આવી છે. **આ હક્ક તે જ શખ્સ નીકાલશે કે જે મુત્તકી અને અમીન હશે; અને જે બખીલ હશે તે આથી મૂઁહ ફેરવી લેશે.** ઝકાતને તેના હક્ક મુજબ આપનારને જ અલ્લાહ તેના અખ્લાકમાં સખાવતની તાઝગી ભરી દેશે અને તેમાં બખીલી કરનારને દીનો દુનિયામાં રઝીલ-રૂસ્વા કરશે. આ શરીઅતનું ફરમાન છે, જેથી દીનના હુદૂદોના મરતબાની શનાખ્ત થાય અને અલ્લાહની તૌહીદના અરકાનની પહેચાન થાય.

જે મુમેનીન દાઅવતે હાદીયાહના મરકઝ પર જઈને વાજેબાતની અદાયેગી કરે છે તેમાં ઘણા તબકાઓ છે. પહેલો તબકો એ છે કે, જેની મુખ્તસર આમદની છે, થોડા વસાઈલ અને પહોંચના સબબ ઝકાતુલ ફિત્રને પોતાની જાનની ખુશીથી પૂરા હોશ-જોશથી અદા કરી દે છે. બીજો તબકો તે સાહબે માલનો તબકો છે, જે પૂરી અકીદતમંદી સાથે શરીઅતના ફરઝોથી વાકિફ છે અને ઘણા ઝૌક-શૌકથી વક્ત અને તારીખનો ખાસ ખયાલ રાખીને ઈદુલ ફિત્ર પહેલા પોતાની વાજેબાતને દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ના દસ્તે મુબારક પર અદા કરી દે છે. તીસરો તબકો તે લોગોનો છે જે એક રસમનાં તૌર પર પોતાના હુકૂકને અદા કરે છે, જેમાં તેઓ એમ સોચે છે કે, શહરૂલ્લાહ આવેલા છે, બીજા અદા કરવા જાય છે તો લાવ હું પણ તેના સાથે જઈ આવ. તેને વાજેબાતની અદાયેગીની હકીકત અને એહમીયતનો કોઈ અંદાઝો હોતો નથી. ચોથો અને આખિરી તબકો તેઓનો છે કે, જેઓ શરીઅતનાં મુકર્રરશુદા રૂકન અને હુકમને તેના વક્ત પર અદા કરવામાં કાહિલ-સુસ્ત હોય છે. તેઓ વાસ્તે આ હુકૂકની અદાયેગી શહરૂલ્લાહમાં થાય યા બીજા ૧૧ મહીનાઓમાં થાય, એમાં કોઈ ફરક રહેતો નથી. આખિરકાર ઝકાતને અદા કરવાની તેઓની સુસ્તીના સબબ પોતે નમાઝ-રોઝાના સવાબને પણ ઝાયેઅ કરી દે છે.

વાજેબાતની અદાયેગીમાં તેની એહમીયત અને ગિન્તીનું ઈલ્મ અને માઅરેફત હોવી અઝહદ ઝરૂરી છે. ઝકાત સમઝીને ફકીરોમાં રોકડા રૂપિયા તકસીમ કરી દેવા કે, ઘરેઘર રોકડ રકમના કવરો વેંચવા તે સદકામાં શુમાર છે. ઝકાતના લફ્ઝ સાથે એનો દૂરનો પણ રિશ્તો નથી. **૧૦૦ માંથી ૯૫ રૂપિયા સદકો આપી શકાય, પણ ૧૦૦ રૂપિયા માંથી શરીઅતના કાનૂન મુજબ ૨.૫૦ રૂપિયા જ ઝકાત અપાય.** સદકો વરસમાં કોઈ પણ દિન અપાય પણ ઝકાત શહરૂલ્લાહનાં ૩૦ દિનમાં જ અપાય. ઝકાતને દાઈએ હક્કને અદા ન કરવાના બહાનાની આડમાં સાહબે દાઅવત પર તેને તકસીમ કરવાની બાબતમાં ઈલ્ઝામ-બોહતાન-જૂઠની જાલ બીછાવવી, તે શહરૂલ્લાહમાં રોઝા-નમાઝ-ખૈર અમલના સવાબને મીટાવી દે છે. ઝકાતને રોકનાર આમ કરવાથી પાઁચ ગુનાહોમાં ફસાય જાય છે :

(૧) કુરઆનના હુકમ મુજબ અમલ ન કીધો. (૨) દાઅવતે હક્ક પર ઈલ્ઝામ લગાવો.
(૩) ઝકાત ન આપવા વાસ્તે બીજાને ગુમ્રાહ કરવાની કોશિશ કીધી. (૪) સાહબે દાઅવતને ઝકાત ન આપી અને બીજાને તેના હક્કદાર માના. (૫) રસૂલે ખુદા (સ.અ.વ.વ.) ની સુન્નતને ઠુકરાવીને પોતે પોતાની ઝકાતને તકસીમ કરી કીધી. ★

**ઘરવાલાઓ ઉપર સલામ બોલો, તમારા ઘરમાં ખૈર વધશે.**

# -::: મહીનાઓના સરદાર :::-

અલ્લાહતઆલાના મીઆદ મુજબ શહરૂલ્લાહિલ હરામની સવારી ઈલાહી નેઅમતો અને સૌગાત લઈને જહાનમાં પધારી છે. મુમેનીન વાસ્તે ખુશનસીબી છે કે, મગફેરત અને શફાઅતના સામાન લઈને અલ્લાહની ઈબાદતના મહીના હમારી ખિદમતમાં હાઝિર થયા છે. રોઝે અઝલથી કયામતના દિન તક બાર મહીનાઓનો આ ચક્કર ચાલા જ કરશે અને તેમાં શહરૂલ્લાહ મીઆદ મુજબ આવા જ કરશે. આમ તો તમામ બાર મહીના અલ્લાહના જ છે અને હર એક દિનમાં મુમેનીન પાંચ ફરીઝત અદા કરીને અલ્લાહની ઈબાદત કરે છે. મગર શહરૂલ્લાહ, ઈબાદતની મકબૂલીયત અને સવાબનો ખાસ એહતેમામ લઈને આવે છે અને મુમિનની ઝિંદગીનાં હર ગૌશા અને પાસામાં રેહબરી કરે છે.

સૈયેદના મોઅય્યદ શીરાઝી (ક.રૂ.) આપની એક મજલિસમાં ફરમાવે છે કે, તે કોઈ શખ્સે રમઝાનના મહીનામાં જન્નતના સાયાની ઠંડકમાં પનાહ લીધી અને તેની ગુમ્રાહીને રદ કરવા હિદાયતનો કિલાદો ગરદનમાં નાંખો તે જ શખ્સ કામિયાબ છે. યાઅની કે, જે શખ્સ શહરે રમઝાનની ફઝીલતને રદ કરે અને એનો હક અદા ન કરે એ ખરેખર ગુમ્રાહ છે અને **જે શખ્સ એના ઠંડા સાયાનો ફાયદો લે તે શખ્સ કામિયાબ છે.** શહરૂલ્લાહમાં આ ચાર ખસલતો અલ્લાહતઆલાએ મૂકી છે, જેમાં **પહેલી** ખસલત અલ્લાહની તૌહીદનો ઈકરાર છે, **બીજી**-ગુનાહોની બખ્શિશની તલબ છે, **તીસરી**-જન્નતોનો સવાલ છે અને **ચોથી**-જહન્નમના અઝાબથી આઝાદી છે. કોણ એવો બદનસીબ મુમિન હોય કે, જેને દરમિયાન આ ખસલતોનું બયાન કરવામાં આવે અને એને એક કાનથી સાંભલીને બીજાથી નીકાલી દે. તે શખ્સ ખરેખર ગાફિલ છે કે, ઘરની દેહલીઝ પર આવેલી આ બિલા મશક્કત દૌલતને ગુમ્રાહીની લાત મારીને હુકરાવી દે અને પછી ઝિંદગી ભર અફસોસ અને હસરતથી પોતાના હાલ પર વાવૈલા કરે.

જો અગર આ મહીનાની અઝમત અને જલાલત ન હોતે તો રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) શાબાનની આખિરી જુમોઆના ખુત્બામાં એહલે ઈસ્લામને મુખાતિબ થઈને આ મુજબનાં કલામ ન ફરમાવતા કે, અય લોગો ! શહરે અઝીમ આપના પર સાયો કરી ચુકા છે, જે મુબારક મહીના છે. જેમાં આઅલા અમલની એક રાત છે અને તે અમલ ૧૦૦૦ મહીનના અમલથી બેહતર છે. આ મહીનાનો સાયો તે મુબારક સાયો છે કે, જેની ઠંડકમાં ઈબાદતગુઝારોને પનાહ મીલે છે. આ મહીના તમામ મહીનાઓના સરદાર છે, જે મુજબ સિતારાઓમાં સૂરજ, વહેશી જાનવરોમાં સિંહ, પત્થરોમાં યાકૂત, પાલતું જાનવરોમાં ઘોડા, દરખ્તોમાં ખજૂરી, ખુશ્બૂદાર ચીઝોમાં મિશ્ક-અંબર, દિનોમાં જુમોઆ, વસીઓમાં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને નબીઓમાં ખત્મુલ મુરસલીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.). અગર કોઈ એના જેવી ચીઝોનો સરદાર હોય તો એને સરદારી કરવી જ પડે અને જે ચીઝો પર એ સરદારી કરે તે ચીઝોને એને તાબેઅ થાવું પડે. **જો એની હુકમરાનીમાં આવનાર ચીઝો સરદારની સરદારી કુબૂલ ન કરે અને એના હુકમ ન ઉચકે તો સરદારી રદ્દ-બાતિલ થઇ જાય.** એ સરદાર જ શું કે, એને તાબેઅ થાનારાઓની તમામ ખૂબી, ખસલત, ખુસૂસીયત અને ફઝીલત એમાં જમાઅ ન થઈ હોય ! સરદારના ઓલખવાથી એના તાબેઅદારોની કૈફીયતનો અંદાઝો આવે છે અને તાબેઅદારોની ઈતાઅતથી સરદારના રોઅબો જમાલ અને સલતનતો કમાલનો દરજો નક્કી થાય છે.

શહરૂલ્લાહ, ઈન્સાનના હર ગોશામાં ખરેખર સરદારી કરે છે. કેમકે, આ સબર અને દર્દમંદી ઈઝહાર કરવાના મહીના છે. જેનો સવાબ જન્નત છે. આ મહીનાની આમદ ગુલઝારે ઈમાન અને ચમને ઈસ્લામમાં નવી બહાર લાવે છે, ઈબાદતની કલીઓ ખિલે છે, રોઝાના સબબ મુમિનને જિસ્માની-રૂહાની-ઝેહની-કલ્બી તાકત હાસિલ થાય છે. ફરઝો અને નિસ્ફિલ્લૈલની નમાઝોમાં મુમેનીન મસ્જિદોમાં એક સાથે અમલી ઈબાદતમાં હાઝિર થાય છે. જેના સબબ સમાજી-મઆશી મસાવાત-એકતાનો એહસાસ દિલો પર તારી થાય છે. કુરઆનની તિલાવતથી આઁખને, કાનને અને ઝબાનને બરકત હાસિલ થાય છે. રોઝા-ઈફતારીના કારે ખૈરથી ઈફતારીના વક્ત અલ્લાહની

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**જેમ દરિયામાં પાનીની લહેરો ઉઠે છે તેમ મુખ્લિસ બંદા વાસ્તે અલ્લાહની રહેમતની લહેરોં ઉઠે છે.**

*(પેજ નં. ૩નું બાકી)* ***મહીનાઓના સરદર.....***

નેઅમતને એકસાથે તનાવુલ કરવાની ગૈર-માઅમૂલી મસર્રત હાસિલ થાય છે, ભાઈચારા તથા ઈખ્લાસમાં ઈઝાફો થાય છે. હર કોઈ અદના-આઅલા, બુઝુર્ગ-જવાન, સફેદ-સિયાહ તમામે તમામ અલ્લાહતઆલાની ખુશી હાસિલ કરવા હર મુમ્કિન અને અદનામાં અદના અમલે ખૈર કરી બહેતર ખસલતનો ઈઝહાર કરી એક-બીજાથી હરીફાઈ કરે છે. આ મહીનાનો મકસદ ઈન્સાનને હયવાનની જમવા-પીવાની આદતોમાંથી નીકાલીને ફરિશ્તાઈ શિક્લો શમાઈલ બખ્શવાની છે જેથી ઈન્સાન ઝરૂરતના વક્તમાં જ જમવા-પીવા તરફ રગબત રાખે. હયવાન-જાનવર, જેઓ પોતાના જડબાને ખુલ્લું રાખીને મુસલસલ ખાયા-પીયા કરે છે, તેનાથી રોઝદાર જુદી આદત પાડે. સાચુ રોઝું તો જમવા-પીવાથી દૂરી કરતા પોતાના અંગવાઓને ગુનાહ અને ખતાઓથી બચાવવું છે અને પોતાના હાથ, પગ, આઁખ અને કાનને હરામ ચીઝોથી કૈદ રાખવું છે.

મુમેનીન જાણી લે કે, શહરે રમઝાનની કિશ્તીમાં સવાર થાનાર તેના સાથે ખુશગવાર હવા ચાલવાના સબબ તેની મંઝિલે મકસૂદ તરફ પહોંચી જાય છે. તેથી, અય ઈમાનદારો ! અલ્લાહતઆલાની રઝામંદીના મકાનમાં જઈને મેહફૂઝ થઈ જાવ એ વાત પહેલા કે તુંદ આંધી અપની પીઠોને તોડી નાંખે. આખિરમાં આ મહીનાનાં કલાકોમાંથી એવા કલાકો ને ગનીમત સમઝો કે, જેમાં અલ્લાહતઆલાની તાઅત તમામ ગુનાહોંના થડને મગફેરતનાં સામાનથી ઉલેચી નાંખે છે. આ તાઅતની જોડીદાર દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની ઈતાઅત અને ફરમાંબરદારી છે જેમાં મુસ્તનદ ખબર આવેલી છે-તે શખ્સને વાસ્તે રોઝા નથી જે ઈમામનો નાફરમાન હોય. તે ભાગેડું ગુલામના રોઝા નથી જહાઁ તક, પોતાના માલિક તરફ ન પલટે. તે માઁ-બાપના નાફરમાન ફરઝંદના રોઝા નથી જહાઁ તક, તેઓથી ભલાઈ ન કરે. તે બૈરો કે જે પોતાના શૌહરથી બેરૂખ થઈ હોય એના રોઝા જ નથી જહાઁ તક કે તે તૌબા ન કરે. અલ્લાહતઆલા શહરૂલ્લાહના મુમેનીનના આઅમાલને દુરૂસ્ત કરીને હર તરહની જેહાદ જે અલ્લાહની રાહમાં મુમેનીન લઈ ઉઠે તેનો અફઝલ સવાબ ઈનાયત કરે. આમીન... ★


**-::: Congratulation :::-**



**Sharmeen Taiyebali Vasanwala** has passed the examination of final year Bachelor of Engineering (Electronics) held by MSU, Baroda in April 2009 with Distinction and stood 1st in her batch. She had also appeared in CAT 2008 and secured 97%. ★



**Aneesa Mohammadali Bookbinder** has passed Bachelor of Education (B.Ed.) exam held in April 2009 from Navrachna College of Education affiliated to SNDT Women's University, Mumbai. She stood 2nd in her class of 100 students by securing 78.50% (first class with distinction). ★



**Hasnain Naseeruddinbhai Bhaisaheb** has passed the final exams of M.Sc. (Applied Chemistry) held in April 2009 by MSU, Vadodara. He stood first in his batch and by securing 70.15% he has been awarded Gold medal for meritorous performance. ★

Best wishes for great success in future too. ★

**જે વક્ત અલ્લાહતઆલા કોઈ બંદાની બેહતરીનો ઈરાદો કરે છે તો તેના અને તેની શેહવતને દરમિયાન આડ ઊભી થાય છે. તેના અને તેના અમલને દરમિયાન નૈક સમઝ ઊભી થાય છે અને જે વક્ત બુરાઈનો ઈરાદો કરે છે તો તેને તેના હાલ પર છોડી દે છે.**

**ઝમીનમાં ખૂબ ખઝાનાઓ છે, દોઆ કરો અને રોઝીને તલબ કરો.**

# -::: આસ્માની કિતાબો :::-

શહરૂલ્લાહનું દિલ અને મરકઝ, શબે કદ્ર - લયલતુલ કદરની રાત છે અને આ રાતનું મરકઝ તેમાં કુરઆને કરીમનું ઉતરવું છે. કુરઆને કરીમના ૩૦ પારાની તિલાવત શહરૂલ્લાહના ૩૦ અય્યામ સાથે જોડાયેલી છે અને આ પાક મહીનાના અમલમાં તિલાવતે કલામે પાક એક ખાસ મકામ રાખે છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના પહેલા જે જે અંબિયા પોતાની કૌમની રાહબરી વાસ્તે પધારા તેઓ અલ્લાહની રિસાલતને આસ્માની સહીફા યા કિતાબોની શિકલમાં લઈને પધારા. તૌરાત, ઝબૂર અને ઈન્જીલ - આ ત્રણે આસ્માની કિતાબો છે, જે કુરઆનથી પુરવાર થાય છે. તૌરાત વાસ્તે કુરઆની આયત છે કે, **"હમેં તૌરાતને ઉતારેલી છે જેમાં નૂર અને હિદાયત છે."** ઝબૂર વાસ્તે કુરઆની બયાન છે કે, **"હમેં દાઊદ નબીને ઝબૂર આપેલી છે."** અને ઈન્જીલ વાસ્તે ઝિક્ર છે કે, **"હમેં ઇસા બિન મરિયમને મોકલેલા છે અને એમને ઇન્જીલ આપેલી છે."**

ઈમાનની શરતોમાં એક શરત એ પણ છે કે, કુરઆન સાથે તેને પહેલાની આસ્માની કિતાબોમાં ઈમાન લાવવું. કુરઆનમાં આવેલી તમામ હકીકતોને માનવી, એને જ ગૈબ પર ઈમાન લાવવુ કહે છે. **કુરઆનની બાબતોમાં શક લાવનાર કાફિરમાં શુમાર થઇ જાય છે.** અંબિયા અને એમની કિતાબો હક્ક છે, સાચી છે, જેને કુરઆન સાબિત કરી બતાવે છે. આ કિતાબોમાં રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) આખિરી નબી તરીકે પધારવાના છે તેની નિશાનીઓ મૌજૂદ છે. પણ આ કૌમોએ (યહૂદીઓ, નસરાનીઓ, વગૈરા) પોતાના નબી ની વાત ન માનીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આવવાનો ઈન્કાર કરી દીધો.

હવે, સવાલ એ પૈદા થાય છે કે, કુરઆન પહેલાની કિતાબો તેની અસ્લી હાલતમાં હાઝિર છે? જે કૌમો આ કિતાબોને પઢે છે તેમાં અલ્લાહનાં કલામ કેટલી હદ તક બાકી રહ્યા છે ? આ સવાલનો જવાબ કુરઆનમાં મૌજૂદ છે કે, **આજે કુરઆને પાક સિવાય કોઇ આસ્માની કિતાબ એની અસ્લી હાલતમાં નથી.** કૌમના વડાઓએ પોતાના ગરઝ-મતલબ વાસ્તે કિતાબોમાં મન-ફાવતી વાતોને મીલાવી દઈ તેમાં તબ્દીલી, કમી, વધારો અને અદલ-બદલ કરી દીધું છે. દુનિયામાં આજે ઈમામે આલે મોહંમદ (અ.સ.) જ સાહબે હક્ક છે જેના નઝદીક તમામ આસ્માની કિતાબો એની અસ્લી હાલતમાં મૌજૂદ છે જેનાથી આપ લોગોમાં અદલો ઈન્સાફ કાઈમ કરશે.

કુરઆને કરીમ, અલ્લાહતઆલાએ પોતાના પ્યારા બંદા, નબીએ પાક મોહંમદ (સ.અ.વ.વ.) ના દિલ પર અરબી ઝબાનમાં ઉતારા. કુરઆન, **"કિતાબુલ્લાહ"** અલ્લાહની કિતાબ છે અને સાથે **"કલામુલ્લાહ"** અલ્લાહના કલામ પણ છે. ઈમામતના આઅલા નિઝામના માતહત આજે મુમેનીન દાઈયુલ્લાહના ફરમાનથી કુરઆનને પઢી શકે છે અને સમઝી શકે છે. જેમ ઈમામતમાં ફેરબદલનો કોઈ ઈમ્કાન નથી તેમ કુરઆનમાં તબ્દીલી લાવવી નામુમ્કિન છે. કુરઆનની હર આયતો મુમેનીનના આઅમાલમાં દૂધમાં સાકરને જેમ ઘુલીમીલી ગઈ છે. કુરઆનનો એક-એક હરફ યા લફ્ઝ મેહફૂઝ છે. તેમાં ઝરા જેટલો પણ સુધારો, વધારો યા ઘટાડો થયો નથી, બલ્કે કયામત સુધી થાશે પણ નહી. કુરઆન પોતાની ઝાતમાં એક બેનમૂન મોઅજિઝો છે, કોઈ ઈન્સાન-ફરિશ્તા-જિન્નાતની બિસાત નથી કે, કુરઆન જેવી કોઈ એક આયત કે સૂરત લાવી શકે! કુરઆનને બતાવેલા એહકામ જયાં તક ઈન્સો જિન્ન હશે ત્યાં તક સાબિત રહેશે.

કુરઆનના અહકામ, ફરમાન, જાઈઝ-નાજાઈઝ, હિકમતના ઈશારા, નસીહતો એવી કારગર, સાચી અને મીઝાનથી છે કે, હરએક ઝમાના અને હરએક કૌમ વાસ્તે તે મુનાસિબ છે. દુનિયામાં કોઈ એવી કૌમ નથી, જે અલ્લાહતઆલાના આ આખિરી કલામ મુજબ અમલ કરવાથી મજબૂર-લાચાર કે આજિઝ થઈ હોય. **લેહાઝા, રબ્બુલ ઇઝ્ઝતે કુરઆનમાં કોઇ એવી લીલી-સુકી ચીઝને બાકી રાખી નથી, જેના વાસ્તે કોઇ બીજી કિતાબની ઝરૂરત પૈશ આવે.** મુમેનીન, હમેં કિતાબુલ્લાહને અપની ઝિંદગી બનાવવાનો એક લાકીમત નુસ્ખો તસ્લીમ કરી, શહરૂલ્લાહના આ બાનૂર અય્યામને નમાઝ-રોઝાથી ઝીનત બખ્શીએ. ★

**ઈમાનદારોના રસ્તેથી ઈઝાને દૂર કરો જેના સબબ તમેં બલાથી આઝાદ થાવ.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

## Social Phobia યા Society નો ડર.

* Social Phobia યાઅની નવા લોગો સાથે યા નવા માહૌલમાં જવાનો ડર, ખૌફ યા અચકામન ને કહે છે. આ તરહની તકલીફ ખાસ કરીને adolescence period માં યાઅની ૧૫ વરસની ઉંમરમાં શુરૂ થાય છે. ઉંમર વધવાને સાથે અને વારંવાર નવા માહૌલમાં (school, college, tuition, job) જાવાના સબબ આ તકલીફ ના Symptoms (આસાર) બઝાહિર નઝર નથી આવતા મગર અંદરૂની તૌર પર યા mentally આ symptoms ઝરૂર હોય છે.

  Social Phobia ના આસાર (symptoms) :
  - અણગમો અને બેચૈની.
  - ચહેરો લાલ થઈ જવો.
  - અવાઝમાં તોતલાપનુ (stammering) થવું.
  - હાથ પગ ધ્રુજવા.
  - ઝાહેરમાં dialogue કરવાથી યા વાતચીત કરવાથી ડરવું.
  - બીજા લોગો એના બારામાં શું કહેશે એ સોચા કરવું.
  - નવા લોગોને દરમિયાન ન ચાહે એવી હરકતો કરવી.

* Social Phobia ખાસ કરીને તે વક્ત જોવા મીલે છે, જે વક્ત નવા લોગો સાથે રિશ્તો કાઈમ કરવાની યા communication કરવામાં મુશ્કેલી આવતી હોય. પોતાની વાત સાફ તૌર પર ઈઝહાર ન કરી શકાતી હોય યા એમ વિચાર આવતો હોય કે, બીજા લોગો મારી વાતને તોડી તો નહીં પાડે યા criticize તો નહી કરે - આ સઘલુ Social phobia નું એક form છે. Extreme Cases માં બચ્ચું નવા લોગોથી મીલવાનો યા કોઈ function માં જવાનું પૂરી તરહથી ટાલે છે.

(૧) Social Situations (સમાજી માહૌલમાં) :
  - પહેલીવાર કોઈને મીલવામાં ડર. ઘરમાં કોઈ મહેમાન આવે તો છુપાઈ જવું યા બીજા રૂમમાં જતું રહેવું.
  - ફોન પર કોઈને સાથે વાત કરવામાં ઝીઝક મેહસૂસ કરવી.
  - કોઈ gathering યા function માં ન જવું વગેરે.

(૨) Performance Situations (કારકીર્દી યા કામ કરવાના માહૌલમાં) :
  - Stage performance નો ડર. Drama યા Speech યા presentation યા કોઈ પણ public speaking ની જગાથી ડર લાગવો.
  - Interview આપવાથી ડર લાગવો વગેરે.

Social Phobia નો ઈલાજ :

* Social phobia નું management ખાસ કરીને parents ના ઝિમ્મે વધારે હોય છે. બચ્ચાનો હોંસલો વધારવો (encourage) ઘણો ઝરૂરી છે.
* બચ્ચાની તકલીફ પર મસ્ખરી કરવાથી યા ઝાહેરમાં એને ટોકવાથી (scolding) થી એના ઝહેન પર ખરાબ અસર પડે છે. બચ્ચાનાં ગૈર માઅમૂલી (un-ordinary) behaviour ને નઝર અંદાઝ કરવો જોઈએ અને ટોકવાની બજાય સુકૂનથી સમઝાવીને કામ લેવુ ઘણું ઝરૂરી છે.
* Psychological Counselling ના ઝરીએ બચ્ચાની સોચમાં અને એના confidence માં improvement લાવી શકાય છે. આ તરહની treatment માં special therapy આપવામાં આવે છે.

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**કોઈ કામ તમને મશ્ગૂલ કરી દે તે પહેલા નૈકીને અપનાવી લો.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

**ઊભી તરકીબ :**

(૧) શરમ, હયા. (૨)

(૨) ---- કરવા જાય તો માથા પર ટોપી પહેરે (૩)

(૩) "અલ્લાહતઆલા રોઝી આપનારો છે" તેનું મુબારક નામ બતાવો. (૩)

(૭) ઈમામ હુસૈન (અ.સ.) ના જન્નતી લિબાસનો રંગ કયો હતો ? (૨)

**આડી તરકીબ :**

(૨) મૌ. ઈસ્માઈલ ઝબીહુલ્લાહના માઁ-સાહેબા કોણ છે ? (૩)

(૪) કપડવંજના મૌલાઈનું નામ શું છે ? (૨)

(૫) નિકાહ સિવાયના ગૈર જાઈઝ જિસ્માની તઅલ્લુકાતને શું કહેવાય ? (૨)

(૬) શરીઅતમાં મરદ-બૈરોને નિકાહના રિશ્તાથી છૂટા કરવાનો કયો રસ્તો છે ? (૩)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | અ | દ | ના | |
| સ | ઝા | ■ | સા | ની |
| | ન | મા | ઝ | |

★

## -::: રાહે નજાત :::-

માહે સિયામ - શહરે રમઝાન, એ શાનો અઝમતવાલા અલ્લાહના મહીના છે જેનો પહેલો દસકો રહેમત અને અજબ નેઅમતનો છે. જેનો બીજો દસકો મગફેરતનો છે અને આખિરી દસકો જહન્નમથી આઝાદીનો છે. આ દસકાની શાન બલંદ એ સબબથી છે કે, તેમાં શહાદતે અમીરૂલ મુમેનીન મૌ.અલી (અ.સ.) અને લયલતુલ કદ્ર વાકેઅ થાય છે. જે મહીનાનો ફઝલ અને શરફ આ મુજબ અઝીમ હોય તો ખુશનસીબ છે, તે શખ્સ જે પોતાના રોઝાને સાથે નૈક અમલને જોડે અને હલાક કરનાર ગુનાહોથી દૂર રહે. પોતાના આઁખ, કાન અને ઝબાનને બચાવીને રાખે. પોતાના જિસ્મનાં આઅઝાને રૂકૂઅ અને સજદામાં નમાવીને રાખે. નજાતનો રસ્તો એ શખ્સ વાસ્તે છે, જેની ગરદન-રહેમત, મગફેરત પછી જહન્નમથી આઝાદ થાય અને જેનું નામ અલ્લાહને નઝદીક જન્નતીઓની ફેહરિસ્તમાં લખાય. ★

*(પેજ નં. ૬નું બાકી)* ***હિકમતના લોગો.....***

* Homoeopathy + counselling બચ્ચાને વાસ્તે અકસીર ઈલાજ છે. ખાસ કરીને જે વક્ત Social phobia ને સાથે physical અને mental symptoms વધારે હોય તો homoeopathy એના વાસ્તે ફાયદામંદ છે.
* આ ચીઝના સિલસિલામાં વધારે માહિતી જોઈતી હોય યા દર્દીને ઝાતી તૌર પર ડોક્ટરની મુલાકાત વાસ્તે લઈ જાવાની ઝરૂરત પૈશ આવે તો ડોક્ટર સાહબના મો.નં.: ૯૯૨૫૮૪૪૫૯૯ પર એપોઈન્ટમેન્ટ લઈ શકાય છે. ★
* **આજવા રોડ પર**


કલીનીકનો વક્ત : જુમોઆ : સાંજે ૫ થી ૭ (રમઝાન સવારે ૯:૩૦ થી ૧૧:૩૦)રવિવાર : સવારે ૧૦ થી ૧૨

સરનામું : આરામ કલીનિક, તાજ કોમ્પ્લેક્ષ કમ્પાઉન્ડ, આજવા રોડ. ★


* **જહાંગીર પૂરા**, ધર્મજવાલા ફીઝીયોથેરાપી સેન્ટર. મંગલવાર અને જુમેરાત : સવારે ૧૧ થી ૧ ★

**ખૈર વાત સિવાય ઝબાનને કૈદ રાખો.**


## -::: મુબારકબાદ :::-



હમેં, **અબ્દેઅલી અને તન્ઝીલા પાદરીયા** હમારા પ્યારા દીકરા, નૂરેનઝર "**સઅદઅલી**" ને તેની બીજી સાલગિરાહ (૧૫ રમઝાન) ની દિલી મુબારકબાદી આપીએ છીએ. ★



હમેં, **બદરૂદ્દીન અને આમેના કાચવાલા** હમારા લખ્તે જિગર ફરઝંદે અરજુમંદ "**તાહા**" ને તેની પહેલી સાલગિરાહ (૨૮ શાબાન) ની ઘણી મુબારકબાદી, કાચવાલા અને મૌલવી ફેમીલીના તમામ અફરાદ સાથે આપીએ છીએ. ★



**અમાનઅલી ફિરોઝભાઇ પરચીગર** એ ઘણી નાની ઉંમર (૨ સાલ ૩ મહીના) માં યૌમે મબ્અસ (સવા લાખ મોતી) નું રોઝું રાખેલું છે. જમાઅતના બચ્ચાઓ વાસ્તે આ એક કાબિલે દાદ મિસાલ છે અને દીનદારી તરફ નૌનિહાલોને ઢાલવાનો ઉમ્દા તરીકો છે. હમેં તમામ રોઝદાર બચ્ચાઓની હોંસલાઅફઝાઇ કરીએ છીએ. ★

અલ્લાહતઆલા હર વાલેદૈનને નૈક ઔલાદની નેઅમતથી નવાઝે. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : હનીફાબુ અબ્દુલહુસૈન રંગવાલા
(મોહસિનઅલી ધર્મજવાલાના બૈરો)
સરનામું : બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૨૬૫ - ૨૫૬૧૮૫૭
વફાતની તારીખ : ૧ શાબાન ૧૪૩૦,
૨૩/૭/૨૦૦૯, જુમેરાત. ★

નામ : શીરીનબુ હુસામુદ્દીન સૂરતી
(શૈખઅલી બાલ્ડીવાલાના બૈરો)
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.
ફોન : ૯૮૯૮૨૯૫૭૪૪
વફાતની તારીખ : ૧૩ શાબાન ૧૪૩૦,
૪/૮/૨૦૦૯, મંગલવાર. ★

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

## -::: ઝાહેર ખબર :::-


### અલી ફોટોગ્રાફર્સ

કોઈપણ પ્રકારના પ્રસંગ-ફંકસનની ફોટોગ્રાફી, ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી, ફેમેલી અથવા ગ્રુપ ફોટો **ડીજીટલ** કેમેરાથી પાડી આપવામાં આવશે.
ઓર્ડર માટે કોન્ટેક્ટ કરો : **મોહંમદઅલી કાચવાલા**
એ-૨૦૫, "બૈતુન્નૂર" બોરસલી એપાર્ટમેન્ટ,
તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૦૪૪૭૦૪૯૮ ★

Ismat Madam's
**Genius Personal Tuition Class**
Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

### અયમન હોઝીયરી

**દરેક પ્રકારની બ્રા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઇનર વેર વ્યાજબી ભાવે મીલશે.**
*તરન્નુમ ઝહીર કાચવાલા*
વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ,
પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા,
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૩૦૨૪૩૩૯ મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★

**Zenith**
HEARING AIDS BY ELKON audifon



unitron hearing

**100 % DIGITAL INVISIBLE ITC & CIC**
" NATIONAL PLAZA "
Alkapuri, R.C Dutt Rd.,
Ph 2354118, 2342884
" THE EMPEROR"
Fatehgunj Main Road Ph : 2787744
" SHIPRA"
Nr. New Alka Restaurant
Old Padra Road Ph.: 2252266
"KEDAR"
1st Flr. Nr. Laheripura Gate, Ph.2422307


**અલ્લાહતઆલાએ મુમેનીન વાસ્તે દીનને ખૂબ આસાન બનાવેલું છે.**

## -::: ઝાહેર ખબર :::-


**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

**લકી કારપેટ સેન્ટર**

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

---

*Karlo Zyada Percentage Ka Irada*

**AZM TUITIONS**

અનુભવી ભા.સા. અહમદઅલી ની ઝાતી નિગરાનીમાં ધો.૮-૯-૧૦ માટે એરેબિક, પરશીયન, હિન્દી, ગુજરાતી અને સમાજવિદ્યા (અંગ્રેજી - ગુજરાતી માધ્યમ) ના ટ્યુશન ચાલુ છે. ચાહો તો લાભ લઈ શકો છો.
મીસાકના બચ્ચાઓ વાસ્તે દીની તાઅલીમ આપવામાં આવશે.

મો. ૯૩૭૪૫૧૦૫૩૮ ઘર : ૨૫૬૬૫૨૫

For investment in Equity & Commodity Market
Call : 9898177187 ★

---

**PERSONAL TUITION CLASSES**

1st to 7th std. (Eng./Guj. Medium)
11th Commerce (Eng./Guj. Medium)
ALL SUBJECTS

**Anjuma Alihusain Tinwala**

(M.com., B.Ed., 5 Yrs. exp. in teaching)
B/304, Krishna Nagar Soc., Taiyebipark,
Ajwa Road, VADODARA - 390 019.
Contact No.: 9228905066. ★

---

**માસુમા બુટીક**

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★


## -: હક્કને સાયા ડાલા હમ પર આજ સે રમઝાન કા :-

ઝાત પૈદા કી હમારી તુને યા રબ ખાક સે,
ઔર અતા કી રૂહ ઉસમેં આલમે અફલાક સે,
ઔર મિલી હમકો હિદાયત સૈયેદે લૌલાક સે,
ઈલ્તેજા હૈ યે મેરી તેરી જનાબે પાક સે.
પાક હો ઈસ માહ મેં દફતર મેરે ઈસ્યાન કા,
હક્કને સાયા ડાલા હમ પર આજસે રમઝાન કા.

કરતેં થે ઈસ માહ કી ઈઝ્ઝત મોહંમદ મુસ્તફા,
રાતમેં ઉઠ કર ઈબાદત કરતેં થે શૈરે ખુદા,
સજદે મેં રોતી થી અપના સર ઝુકા કર ફાતેમા,
હાથ ઉઠા કર કરતેં થે હસનૈન ભી હક્ક સે દોઆ,
હો દોઆ મકબૂલ સદકા મેરે નાનાજાન કા,
હક્કને સાયા ડાલા હમ પર આજસે રમઝાન કા.

બોલે પૈગમ્બર કે ફર્ઝ ઈસ માહ કા ગર હો અદા,
અજ્ર સિત્તેર ફર્ઝ કા ઉસ શખ્સ કો દેગા ખુદા,
અબ્રે રહેમત આસ્માઁ સે ઉસ પે બરસેગા સદા,
જામે કૌસર હશ્ર મેં હયદર સે પાએગા જુદા,
હે શરીઅત મેં મોઅઝ્ઝમ રૂકન યે ઈમાન કા,
હક્કને સાયા ડાલા હમ પર આજસે રમઝાન કા.

રોઝા ઈફતારી મેં યૂઁ ફરમાતેં હૈ ખૈરૂલ અનામ,
ગર કોઈ ખિલવાએ યા પિલવાએગા પાની કા જામ,
દેગા જન્નત મેં ખુદા ઉસકે લીએ આઅલા મકામ,
આતિશે દૌઝખ કયામત મેં ઉસે હોગી હરામ,
કુછ ન હોગા ખૌફ ઉસકો હશ્ર કે મૈદાન કા,
હક્કને સાયા ડાલા હમ પર આજસે રમઝાન કા.

સર કટા ઈસ મેં વસીયે અહમદે મુખ્તાર કા,
સુર્ખ પત્થર હો ગયા સબ કિબ્લે કી દીવાર કા,
હોતા થા આઁસૂ રવાઁ ઈસ ગમ સે હર દીંદાર કા,
શોર થા આફાક મેં યા હયદરે કર્રાર કા,
ઉઠ ગયા સાયા જહાઁ સે વારિસે કુરઆન કા,
હક્કને સાયા ડાલા હમ પર આજસે રમઝાન કા.

રોઝો શબ અય મુમિનો, અલ્લાહ કી તાઅત કરો,
ફિક્રે ઉકબા કે લીયે સબ દૂર યે ગફલત કરો,
સજદે મેં હક્ક સે તલબ ઈસ માહ મેં જન્નત કરો,
જિસમેં હો રાઝી ખુદા ઉસ મેં હસીં મહેનત કરો,
હૈ નુઝૂલ ઈસ માહ મેં અલ્લાહ સે કુરઆન કા,
હક્કને સાયા ડાલા હમ પર આજસે રમઝાન કા. ★

**દુનિયાદારની તાકત દુનિયામાં ફક્ત માલો દૌલતની હોય છે.**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

### નમાઝના વક્તોનું બયાન

✤ મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, હર નમાઝના બે વક્ત છે : અવ્વલ (પહેલો) વક્ત અને આખિર (છેલ્લો) વક્ત, પણ અવ્વલ વક્ત અફઝલ છે. જે વક્ત નમાઝને તેના અવ્વલ વક્તમાં પઢવામાં આવે છે, તો અલ્લાહ એના બંદાના દિલના ખુલૂસથી બેહદ ખુશ થાય છે. જે વક્ત બંદો તકબીરતુલ એહરામ કહે છે, તે વક્ત અલ્લાહ એના તરફ રઝામંદીથી મોતવજ્જેહ થાય છે, જોઈ છે. અલ્લાહ એ નમાઝી વાસ્તે એક ફરિશ્તાને મુકર્રર કરે છે, જે ફરિશ્તો નમાઝીનાં લબોં પરથી કુરઆનની આયતોને, દોઆને, તસ્બીહને ચુની લે છે અને તે ફરિશ્તા અલ્લાહની બારગાહમાં નમાઝી વાસ્તે સિફ્તો સના કરે છે, નમાઝમાં પઢેલી આયતો અને દોઆને પૈશ કરે છે અને એની મગફેરત ચાહે છે.

✤ કોઈને એ ઈખ્તેયાર નથી કે, નમાઝના આ બે વક્તોમાંથી આખિર વક્તને જ નમાઝ પઢવાનો વક્ત બનાવી લે. સબબ કે, આખિર વક્ત બીમાર, તકલીફવાલા અને માઅઝૂર શખ્સ વાસ્તે છે. દુનિયાના કામોને પ્યારા કરીને અલ્લાહની ઈબાદતમાં તાખીર કરવી, અવ્વલ વક્તને ઝાયેઅ કરી દેવો એ મોટામાં મોટી ખતા છે. **નમાઝનો અવ્વલ વક્ત અલ્લાહની ખુશીનો છે અને આખિર વક્ત અલ્લાહની મઆફી તલબ કરવાનો છે.**

✤ મઆફી, તે વક્ત જ મંગાય જે વક્ત વાઅદાને નીભાવવામાં, વચનને પાલવામાં અને વક્તને સાચવવામાં કુસૂર થાય. અહલુલ બૈત (અ.સ.) ના મોહિબ્બબો, હર અમલને તેના અવ્વલ વક્તમાં અદા કરે છે અને બીજાઓ જેઓએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ અહલુલ બૈત (અ.સ.) ને સતાવા તેઓ આખિર વક્તમાં ખૈરૂલ અમલ નમાઝને પઢે છે. તેથી હમેં અવ્વલીન (પહેલે થાનાર લોગો) ની જમાઅતમાંથી છે, જે અલ્લાહની રહેમતથી ઘણા કરીબ છે.

✤ આજે હમેં એક એવી ઈમાની સંસ્થાના મેમ્બર છીએ જેના માલિક અલ્લાહતઆલા છે, સંચાલક ઈમામે ઝમાના છે અને ટીચર દાઈએ હક્ક છે. **દાઇની ખુશી સાથે ઇમામની ખુશી અને ઇમામ સાથે ખુદાની ખુશી જોડાયેલી છે.** આ ઈમાની સ્કૂલમાં જેટલા હમેં વક્તના પાબંદ, અમલમાં પુખ્તા, ઝિમ્મેદારીના ચુસ્ત, વચનના વફાદાર એટલા જ હમેં સંસ્થાની નઝરમાં અઝીઝ અને ઈઝઝતદાર. હવે કોઈ શખ્સ સ્કૂલમાં ક્લાસના વક્ત સિવાય દાખિલ થાય તો ટીચરની નારાઝગી સાથે ક્લાસમાં બેસવું પડે. આમ કરવાથી ફાયદો કરતા નુકસાન ઝિયાદહ થાય. અલ્લાહતઆલા હમને હમારા અમલમાં નુકસાન કરનાર ન બનાવે પણ હમેં નમાઝને હર વક્ત તેના અવ્વલ વક્તમાં અદા કરીએ. ★


भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA
LIC
Mustakali Vohra
Insurance Consultant
Ph.: (0265) 2583316
(0265) 2021406
"આપ આપના કુટુંબની મુલ્યવાન સંપત્તી છો......માટે વિમો જરૂરી છે"
2nd Floor,
Umallawala's House,
Badri Mohalla,
Wadi, Vadodara.
Monarch art
Screen Printing • Offset Printing • DTP Job Work


**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.


**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★